## જુન- ૨૦૨૩ ના શૈક્ષણિક વર્ષ માટે નવી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાની મંજુરી, ખાનગી પ્રાથમિક શાળાના ક્રમિક વર્ગ / વર્ગ વધારાની મંજુરી અંગે કામગીરીનું શીડયુલ.

| ક્રમ | વિગત | કયાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવાની છે |
|---|---|---|
| ૧ | ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો | તા. ૧૭-૧૧-૨૦૨૨ થી તા. ૧-૧૨-૨૦૨૨ |
| ૨ | જિલ્લા કચેરીએ ઓનલાઈન કરેલ અરજીની ફાઈલ સ્વીકારવાનો સમયગાળો | તા. ૧૭-૧૧-૨૦૨૨ થી તા.૫-૧૨-૨૦૨૨ |
| ૩ | નિરીક્ષણ ટીમો દ્વારા ચકાસણી કાર્યવાહી પૂર્ણ કરવાનો સમયગાળો | અરજી મળેથી મોડામાં મોડા તા.૧૫/૧૨/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવી |
| ૪ | માન્યતા અંગે નિર્ણય લઇ હુકમો કરવાની છેલ્લી તારીખ | તા.૨૧/૧૨/૨૦૨૨ |
| ૫ | અપીલની છેલ્લી તારીખ/ (હુકમની તારીખથી ૩૦ દિવસમાં) | હુકમની તારીખથી ૩૦ દિવસમાં |
| ૬ | અપીલની સુનાવણી | ફેબ્રુઆરી/માર્ચ- ૨૦૨૩ અંતિત |

પરિપત્ર : ૨૨૨

ક્રમાંક: પ્રાથમિક/ક્રમિક,વર્ગવધારો/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૧૦/૧૧/૨૦૨૨

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
નોન ગ્રાન્ટેડ/ખાનગી પ્રાથમિક શાળાઓ તમામ.(અમરેલી શહેર)
જિ-અમરેલી

**જૂન-૨૦૨૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી નવી "નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ અને નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ક્રમિક / વર્ગ વધારાના નોન ગ્રાન્ટેડ વર્ગો" શરૂ કરવાની પરવાનગી માટે ઓનલાઇન દરખાસ્ત રજૂ કરવા જોગ જાહેરાત.**

# :: જાહેરાત ::

જૂન-૨૦૨૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી જે ટ્રસ્ટ/સંસ્થા /કંપની નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૬ થી ૮) શરૂ કરવા અથવા ક્રમિક વર્ગ / વર્ગ વધારાની મંજૂરી મેળવવા માંગતા હોય તેવા ટ્રસ્ટ/સંસ્થાઓ/કંપની આ કચેરીની વેબ સાઈટ http://newschool.dpegujarat.in/ ઉપર તા. ૧૦/૧૧/૨૦૨૨ થી તા. ૨૯/૧૧/૨૦૨૨ દરમિયાન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ, ઓનલાઈન અરજી કરવા માટે તા. ૩૦/૧૧/૨૦૨૨ થી તા. ૧૩/૧૨/૨૦૨૨ દરમિયાન ઓનલાઈન વેબપોર્ટલ પર જઈ લોગ ઈન થઈ અરજી પત્રકમાં ઓનલાઈન વિગતો ભરવાની રહેશે તથા, માંગ્યા મુજબના ડોક્યુમેન્ટ અપલોડ કરી અરજી ઓનલાઈન સબમિટ કરવાની રહેશે. ત્યારબાદ, જે તે જિલ્લાના અધિકૃત અધિકારીશ્રી એટલે કે જિલ્લા પંચાયતો વિસ્તાર માટે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને અધિકૃત નગરપાલિકા/મહાનગર પાલિકા તથા કેન્ટોનમેન્ટ વિસ્તાર માટે જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને આ અરજીની હાર્ડ કોપી (તમામ આધારો સાથે ચેકલીસ્ટ બનાવીને) **તા.૩૦-૧૧-૨૦૨૨ થી તા. ૧૫-૧૨-૨૦૨૨** સુધીમાં જે તે સંબંધિત જિ.શિ.અધિ./ જિ.પ્રા.શિ.અધિ.ની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

**રજી ફી:** ધોરણ- ૧ થી ૫ ની પ્રાથમિક શાળા અને ધોરણ- ૬ થી ૮ ની ઉચ્ચ પ્રાથમિક શાળા અલગ-અલગ એકમ ગણાશે. તેથી જો બંને વિભાગ માટે અરજી કરવાની હોય તો અલગ-અલગ વિભાગ દીઠ રૂ.૨૫,૦૦૦/- ફી ભરવાની રહેશે જો ધોરણ-૧ થી ૫ ની મંજુરી મળેલ હોય અને પ્રથમવાર ધો. ૬ અથવા ૬, ૭ અથવા ૬,૭,૮ શરૂ કરવા માટે અરજી કરવાની હોય તો રૂ.૨૫,૦૦૦/- અને વધારાના /ક્રમિક વર્ગો ખોલવાની અરજી સાથે દરેક વર્ગ દીઠ રૂ.૫,૦૦૦/- ની ફી રકમ ઓનલાઇન અરજી સબમીટ કર્યા બાદ ઓનલાઇન સાયબર ટ્રેઝરી મારફતે નેટ બેન્કીંગથી ભરવાની રહેશે. જે " **0202-01-પ્રાથમિક શિક્ષણ-800-અધર રીસીપ્ટ"** સદરે જમા રહેશે. નેટ બેન્કીંગથી સફળતાપૂર્વક દરખાસ્ત ફી (પ્રોસેસીંગ ફી) જમા થયા બાદ જ ટ્રાન્ઝેકશન રીસીપ્ટની પ્રિન્ટ મેળવી શકાશે અને ફોર્મ ભરી શકાશે. ઓનલાઇન જમા કરાવેલ ફીની ટ્રાન્ઝેકશન રીસીપ્ટની નકલ સંબંધિત અરજી સાથે જોડવાની રહેશે. આ પ્રોસેસીંગ ફી ની રકમ કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.. **સંબંધિત સંસ્થાએ નેટ બેન્કીંગથી ઓનલાઇન ફી ભરેલ હોય અને તેમાં કોઇ પ્રશ્ન કે મુશ્કેલી હોય તો સંબંધિત બેન્કનો અથવા સાયબર ટ્રેઝરીનો હેલ્પ લાઇન નં. 079-232-57325 અને 079-232-57326 પર સંપર્ક કરવાનો રહેશે.**

**અરજી કોણ કરી શકશે:** મુંબઈ સાર્વજિનક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ હેઠળ અથવા મંડળી રજિસ્ટ્રેશન એકટ-૧૮૬૦ (સન-૧૯૬૦ના ૨૧માં) હેઠળ રજિસ્ટર્ડ થયેલ મંડળી અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાથી અથવા કંપની અધિનિયમ-૧૯૫૬ (સન-૧૯૫૬ના પહેલા) ની કલમ-૨૫ હેઠળ રજિસ્ટર્ડ થયેલી હોય એવી સંસ્થા અરજી કરી શકશે. વેબ સાઇટ પર શાળાની માન્યતાના માપદંડો, અરજી સાથે રજુ કરવાના આધાર વગેરેની માહિતી મુકવામાં આવેલી છે. જેનો સંપૂર્ણ અભ્યાસ કરી અરજી કરવા જણાવવામાં આવે છે.

નવી શાળા શરૂ કરવા અંગે શાળા શરૂ કરવા માગતા શાળા ટ્રસ્ટ/સંસ્થા/કંપનીએ મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમો:૧૯૪૯ ના નિયમ-૧૦૬ હેઠળ તેમજ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ (આર.ટી.ઈ.એકટ)-૨૦૦૯ અને આર.ટી.ઇ. રુલ્સ- ૨૦૧૨ હેઠળ શાળા માટે નિયત થયેલા ધોરણ અને માપદંડ મુજબ જરૂરી મકાન, સ્ટાફ, આરોગ્ય વિષયક અને ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય અને રમતના મેદાન સહિત ખેલકૂદની સાધન સામગ્રી હોવી જરૂરી છે.

તા. ૨૮/૧૦/૨૦૨૨
સ્થળ: ગાંધીનગર

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

જૂન-૨૦૨૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી નવી "નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ અને નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ક્રમિક / વર્ગ વધારાના નોન ગ્રાન્ટેડ વર્ગો" શરૂ કરવાની પરવાનગી માટે ઓનલાઇન દરખાસ્ત રજૂ કરવા તા.૨૮/૧૦/૨૧ના રોજ વિવિધ દૈનિકપત્રોમાં આપેલ જાહેરાત અન્વયે સુધારો કરવા બાબત

## :: સુધારો ::

તા. ૨૮/૧૦/૨૦૨૨ના રોજ જૂન-૨૦૨૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી નવી "નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓ અને નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ક્રમિક / વર્ગ વધારાના નોન ગ્રાન્ટેડ વર્ગો" શરૂ કરવાની પરવાનગી માટે ઓનલાઇન દરખાસ્ત રજૂ કરવા વિવિધ દૈનિક પત્રોમાં આપેલ જાહેરાત અન્વયે સુધારો કરતાં જણાવવાનું કે, જૂન-૨૦૨૩ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી જે ટ્રસ્ટ/સંસ્થા /કંપની નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૧ થી ૫) અને નવી નોન ગ્રાન્ટેડ ઉચ્ચ ખાનગી પ્રાથમિક શાળા (ધોરણ- ૬ થી ૮) શરૂ કરવા અથવા ક્રમિક વર્ગ / વર્ગ વધારાની મંજૂરી મેળવવા માંગતા હોય તેવા ટ્રસ્ટ/સંસ્થાઓ/કંપની આ કચેરીની વેબ સાઈટ http://newschool.dpegujarat.in/ ના બદલે **https://newschool.orpgujarat.com/** પર જઇ કાર્યવાહી કરવાની રહેશે. અન્ય સૂચનાઓ વેબસાઈટ પર આપેલ છે.

બાકીની વિગતો અગાઉની જાહેરાત મુજબ યથાવત રહેશે.

તા. ૦૯/૧૧/૨૦૨૨
સ્થળઃ ગાંધીનગર

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર